બિનસરકારી માધ્યમિક શાળાના આચાર્ય
/વહીવટી કર્મચારીને સહાયક અનુદાન
હેઠળ વાહન ભથ્થુ મંજુર કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
યાદી ક્રમાંક : બમશ/૧૧૮૮/૩૦૯૨/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ ૨૩-૬-૨૦૧૪

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગના તારીખ ૧૯/૧/૧૯૮૯ ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૮૮/૩૦૯૨/ગ
(૨) શિક્ષણ વિભાગના તારીખ ૨/૭/૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૭૪૧(૩)/ગ
(૩) શિક્ષણ વિભાગના તારીખ ૧-૩-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૦૪/૧૬૬૪/ગ
(૪) શિક્ષણ વિભાગના તારીખ ૨૯/૧૧/૨૦૧૧ ના હુકમ ક્રમાંક : બમશ/૧૧૮૮/૩૦૯૨/ગ
(૫) શિક્ષણ વિભાગના તારીખ ૧૩/૮/૨૦૧૨ ના હુકમ ક્રમાંક : બમશ/૧૧૮૮/૩૦૯૨/ગ

આમુખ:-

બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાના આચાર્ય અને વહીવટી કર્મચારીને શાળાની નિભાવ ગ્રાન્ટમાંથી શિક્ષણ વિભાગના તારીખ ૨/૭/૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૭૪૧(૩)/ગ ના પરિશિષ્ટ-૨ ની આઇટમ નં-૨૨ અન્વયે નક્કી કરવામાં આવેલ રૂ.૫૦૦/- ની મર્યાદામાં વાહન ભથ્થુ જે તે શાળાના આચાર્ય અને વહીવટી કર્મચારીને રૂ. ૨૫૦/- પ્રમાણે મંજુર કરવામાં આવેલ છે. મોંઘવારીમાં તેમજ પેટ્રોલ વગેરેના ભાવમાં થયેલ વધારો ધ્યાનમાં લઇ આ રકમની મર્યાદા વધારવા બાબતે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા તેમજ ગુજરાત રાજ્ય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ તરફથી રજુઆતો થયેલ છે.

ઠરાવ:-

પ્રસ્તુત બાબતે કાળજી પૂર્વકની વિચારણાને અંતે બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના આચાર્ય અને વહીવટી કર્મચારીને શાળાના કામે પોતાના વાહનનો ઉપયોગ કરવા બદલ વાહન બળતણ અને રીપેરના ખર્ચ પેટે શિક્ષણ વિભાગના તારીખ ૨/૭/૧૯૯૯ ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૭૪૧(૩)/ગ ના પરિશિષ્ટ-૨ ની આઇટમ નં-૨૨ અન્વયે નક્કી કરવામાં આવેલ માસિક ખર્ચની મર્યાદા રૂ.૫૦૦/- થી વધારી રૂ.૭૫૦/- કરવાની સરકારશ્રીની આથી મંજુરી આપવામાં આવે છે. જે તે માધ્યમિક શાળાના આચાર્ય તથા વહીવટી કર્મચારીને

પગારબીલમાં રૂ.૩૭૫/- માસિક લેખે પગાર બિલમાં આકારી શકશે. આ રકમ શાળાને મળવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી બાદ કરવાની રહેશે.

(૨) શાળાના આચાર્યશ્રીએ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે તેમણે અને વહીવટી કર્મચારીએ શાળાના કામ અર્થે પોતાના વાહનનો ઉપયોગ કરેલ છે અને આ હેતુ માટે અન્ય કોઇ રીતે ભથ્થુ આકારેલ નથી.

(૩) આ વિભાગના ઉપર વંચાણે લીધેલ ઠરાવોમાં દર્શાવેલ અન્ય શરતો યથાવત રહે છે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ ૨૦/૨/૨૦૧૪ ની નોંધથી મળેલ રાજ્ય સરકારની તારીખ ૬/૬/૨૦૧૪ ની મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિલેશ ત્રિવેદી)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી રા.ક.(માધ્યમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી રા.ક.(ટેકનીકલ શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફતે)
- સંબધિત સરકાર માન્ય સંઘો (કમિશ્નરશ્રી, શાળાઓ મારફતે)
- પસંદગી ફાઇલ
- ના.સે.અ. પસંદગી ફાઇલ